# ચિંતાજનક વધારો : રાજ્યમાં કોરોનાના ૨૪૭ કેસ

**કોરોનાના કેસના આંકડા સતત વધી રહ્યા છે : અમદાવાદમાં સૌથી વધુ ૧૨૪ કેસ નોંધાયા છે જ્યારે ૯૮ દર્દીઓને રજા આપવામાં આવી છે**

અમદાવાદ,તા.૨૨

ગુજરાતમાં કોરોના વાયરસના નવા ૨૪૭ કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૧૨૪ કેસ નોંધાયા છે. જ્યારે ૯૮ દર્દીઓને રજા આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, મહેસાણામાં એક દર્દીનું મોત નીપજ્યું છે. ગઈકાલે ભરૂચના એક દર્દીનું કોરોનાને કારણે મોત નીપજ્યું હતું. કોરોનાના વધતા કેસને ધ્યાને રાખી ગુજરાતીઓએ ફરીથી સાવધાન રહેવાની જરૂર છે અને જો કોઈપણ લક્ષણ દેખાય તો તાત્કાલિક તેની સારવાર કરાવવી જોઈએ.

સમગ્ર ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૨૪૭ કેસ નોંધાયા છે. તો બીજી તરફ, ૯૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલ ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૧૦૬૪ એક્ટિવ કેસ છે. જ્યારે એક દર્દીનું મોત નીપજ્યું છે. આ ઉપરાંત ૬ જેટલા દર્દીને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. જ્યારે ૧૦૫૮ દર્દીની તબિયત સ્થિર છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસથી અત્યાર સુધીમાં કુલ ૧૧,૦૪૭ દર્દીના મોત નીપજ્યા છે. તો ૧૨ લાખથી વધુ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે.

ઉલ્લેખનીય છે કે, ગત ૧૧મી માર્ચે પણ કોરોના વાયરસના ૫૧ કેસ નોંધાયા હતા. ૧૪મી માર્ચે ૫૮ કેસ નોંધાયા હતા. ત્યારબાદ ૧૫મી માર્ચે ૯૧ કેસ નોંધાયા હતા. ૧૬મી માર્ચે ૧૧૯ કેસ અને ૧૭મી માર્ચે ૧૨૧ કેસ નોંધાયા હતા. ત્યારબાદ ૧૮મી માર્ચે ૧૭૯ કેસ તો ૧૯મી માર્ચે ૧૩૩ કેસ નોંધાયા હતા. ૨૦મી માર્ચે ૧૧૮ નવા કેસ નોંધાયા હતા અને ૨૧મી માર્ચે ૧૭૬ કેસ નોંધાયા હતા.

## ખેરાલુમાં રિક્ષા અને કાર વચ્ચે અકસ્માતઃ ૩ના કરૂણ મોત

**અકસ્માતમાં રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો**

મહેસાણા,તા.૨૨

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના ગોરીસણા ગામ નજીક રિક્ષા અને ઈકો કાર વચ્ચે ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં ૩ લોકોના કમકમાટીભર્યા મોત થયાના અહેવાલ છે. અકસ્માત સર્જ્યા બાદ ઈકોનો ડ્રાઈવર ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

બનાવની જાણ થતાં આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી ગયા હતા અને પોલીસ અને એમ્બ્યુલન્સને જાણ કરતા ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતકોની ઓળખ અંગે તપાસ હાથ ધરીને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. સાથે જ આકસ્મિક મોતનો ગુનો દાખલ કરીને અકસ્માત સર્જ્યા બાદ ફરાર થયેલા ઈકો કારચાલકની તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત એકનું ઘટનાસ્થળે જ જ્યારે બેનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું છે. અકસ્માતમાં ઘાયલ થયેલા અન્ય મુસાફરોને સારવાર માટે અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા છે. ત્રણેય મૃતક ખેરાલુના બાળાપીરના ઠોકરવાસના એક જ પરિવારના સભ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

## સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર ન ફૂટે તે માટે રાજ્ય સરકારની કવાયત

**પરીક્ષા પદ્ધતિમાં ફેરફારની વિચારણા : જ્યારે પણ ભરતી માટે જગ્યા ખાલી થાય ત્યારે પાસ થયેલા ઉમેદવારોની અન્ય પરીક્ષા લેવા વિચારણા કરવામાં આવી છે**

ગાંધીનગર,તા.૨૨

ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર ન ફૂટે તે માટે રાજ્ય સરકારે કવાયત શરૂ કરી છે . જેમાં નવા કાયદા બાદ પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર લાવવાની વિચારણા કરવામાં આવી છે. તેમજ દર વર્ષે સ્પર્ધાત્મક પરીક્ષા લેવા વિચારણા કરવામાં આવી છે. જ્યારે પણ ભરતી માટે જગ્યા ખાલી થાય ત્યારે પાસ થયેલા ઉમેદવારોની અન્ય પરીક્ષા લેવા વિચારણા કરવામાં આવી છે. આ માટે ઝસ સમક્ષ આ અંગે એક પ્રેઝન્ટેશન થઈ ચૂક્યું છે. તેમજ આગામી દિવસોમાં સરકાર નિર્ણય લેશે.

ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે ગુજરાતમાં સરકારી ભરતીનું કોઈ પેપર ફોડવાની હિંમત કરી તો ખેર નહીં.જો પેપર ફોડવાની હિંમત કરી તો થશે ૧૦ વર્ષની સખત સજા અને એક કરોડ રૂપિયાનો દંડ રાખવામાં આવ્યો છે. જેમાં વિધાનસભામાં જાહેર પરીક્ષા બિલ ૨૦૨૩ સર્વસંમતિથી પાસ થઈ ગયું છે.વિધાનસભામાં ગુજરાત જાહેર પરીક્ષા વિધેયક સર્વ સંમતિથી પસાર કરવામાં આવ્યું છે..જેથી હવે કોઈ પેપર ફોડવાની હિંમત કરશે ૧૦ વર્ષની કડક સજા અને એક કરોડનો દંડ ભરવો પડશે.ગૃહમાં બિલ રજૂ થયા બાદ ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ કહ્યું કે હવે કોઈ વિદ્યાર્થી શોર્ટકર્ટ પકડશે તો આજીવન પરીક્ષા નહીં આપી શકે.

નવા કાયદામાં શોર્ટકર્ટ અપનાવનાર વિદ્યાર્થી સામે પણ કાર્યવાહી થશે.સરકારી પરીક્ષાર્થીની ચોરી ભૂલ નહીં પરંતુ ગુનો ગણાશે સાથે જ હર્ષ સંઘવીએ કહ્યું કે હવે રાજ્યમાં આ કાયદો બન્યા બાદ સરકારી પરીક્ષા વધારે પારદર્શિતા સાથે અમલી બનશે. હવેની તમામ પરીક્ષાઓ કાયદો અમલી બન્યા બાદ જ લેવાશે.

## નર્મદા નદીમાં નહાવા પડેલા ગુજરાતના ૩ યુવાનો સહિત ૪ ડૂબ્યા, બેના મોત

અમદાવાદ,તા.૨૨

મધ્યપ્રદેશના લોહારામાં નર્મદા નદીમાં નહાવા પડેલા ગુજરાતીઓ સાથે મોટી દુર્ઘટના બની છે. નર્મદા નદીમાં નહાવા પડેલા ૪ વ્યક્તિો ડૂબ્યા છે, જેમાંથી ૨ના મૃતદેહ મળ્યા છે જ્યારે ૨ની શોધખોળ ચાલું છે. જીહ્વઈહ્ન અને તરવૈયાઓની ટીમને આ ઘટનાની માહિતી મળતા તેઓ પહોંચ્યા હતા, જ્યાં નદીમાંથી ૨ લોકોના મૃતદેહ બહાર કાઢ્યા છે, જ્યારે ૨ લોકોની શોધખોળ ચાલુ છે.

આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, તબલીગી જમાતના કાર્યક્રમ માટે ધાર જિલ્લાના મિર્ઝાપુરથી આવેલા કેટલાક યુવકો બોટની મદદથી નર્મદા નદી પાર અંજદ લોહારા ઘાટ પહોંચ્યા હતા. તબલીગી જમાતના ૧૧ યુવાનો ઘાટ પર સ્નાન કરવા લાગ્યા. આ દરમિયાન એક યુવક ડૂબવા લાગ્યો હતો, જેને બચાવવા અન્ય ૩ યુવકો પણ કૂદી પડ્યા હતા અને ત્રણેય પણ ડૂબી ગયા હતા.

માહિતી મળતા જ પોલીસ અને તરવૈયાઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ડૂબી ગયેલા યુવકોને બચાવવા રેસ્ક્યુ શરૂ કર્યું હતું. તરવૈયાઓએ ૨ યુવકોના મૃતદેહ બહાર કાઢ્યા હતા, જ્યારે બાકીના ૨ની શોધખોળ ચાલુ છે.



ચૈત્રી નવરાત્રિનો મંગળવારથી પ્રારંભ થઈ ગયો છે. ભદ્રકાળી માતાજીના મંદિરમાં દર્શન માટે ભક્તો ઉમટી પડ્યા હતા.

## પાવાગઢ રોડ પર લાકડા ભરેલી કાર ઝાડ સાથે અથડાઈ, બેનાં મોત

પંચમહાલ,તા.૨૨

પંચમહાલના પાવાગઢ રોડ પર ઢીકવા પાસે લાકડા ભરેલી કવાલિસ કાર ઝાડ સાથે અથડાઈ હતી. અકસ્માતમાં ચાલક સહિત બેના ઘટના સ્થળે મોત થયા હતા. ઢીકવા ગામની સીમમાંથી લાકડા ભરીને આવતી કાર અથડાઈ હતી. હાલોલ પોલીસ અને ફોરેસ્ટ વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. બંને મૃતદેહ પીએમ અર્થે હાલોલ સરકારી રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી અપાયા હતા. મૃતકના નામ જૂનેદ અહેમદ બહેરા અને મેહફુઝ હુસેન હયાત છે. બંને ગોધરાનાં રહેવાસી હોવાની હકીકત સામે આવી છે.

## સૂર્યમુખી અને સરસવ સહિત અનેક તેલના ભાવમાં ઘટાડો

**૧૦ મહિના પહેલા, સૂર્યમુખી તેલનો ભાવ સોયાબીન તેલ કરતાં રૂ. ૩૫૦ વધુ હતો, પરંતુ હાલમાં તેની કિંમત સોયાબીન કરતાં રૂ. ૧૦૦ નીચી થઈ ગઈ છે**

અમદાવાદ, તા.૨૨

ખાદ્યતેલના ભાવમાં મોટો ઘટાડો થયો છે. ૨૧ માર્ચ, ૨૦૨૩ના રોજ સૂર્યમુખી અને સરસવ સહિત અનેક તેલના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. દિલ્હી તેલ-તેલીબિયાં બજારમાં સ્થાનિક તેલ-તેલીબિયાં પરના દબાણને કારણે કપાસિયા તેલના ભાવમાં ઘટાડા સિવાય સ્થાનિક સોયાબીન અને સીંગતેલના ભાવ અગાઉના સ્તરે જ જળવાઈ રહ્યા છે. આવો જાણીએ આજે ૧ લીટર તેલની કિંમત શું થઈ ગઈ છે. લગભગ ૧૦ મહિના પહેલા, સૂર્યમુખી તેલનો ભાવ સોયાબીન તેલ કરતાં રૂ. ૩૫૦ વધુ હતો, પરંતુ હાલમાં તેની કિંમત સોયાબીન કરતાં રૂ. ૧૦૦ નીચી થઈ ગઈ છે. એટલે કે, સૂર્યમુખી તેલનો ભાવ અગાઉ રૂ. ૨૦૦ની સરખામણીએ ઘટીને રૂ. ૮૦-૮૧ પ્રતિ લીટર થયો છે, જેના કારણે બજારમાં દેશી તેલ અને તેલીબિયાંનો વપરાશ ઘટી ગયો છે. તેલીબિયાંના ખેડૂતો અને દેશના તેલ ઉદ્યોગ બંને બરબાદીના આરે પહોંચી ગયા છે. ઓછી આવક ધરાવતા જૂથો અને શેરી વિક્રેતાઓ દ્વારા ઉપયોગમાં લેવાતા અથવા નાના રેસ્ટોરાંમાં ઉપયોગમાં લેવાતા પામોલિન પર ૧૩.૭૫ ટકાની આયાત જકાત લાગુ પડે છે, જ્યારે ઉચ્ચ આવક ધરાવતા જૂથો દ્વારા ઉપયોગમાં લેવાતા સૂર્યમુખી તેલને ૩૧ માર્ચ સુધી આયાત જકાત મુક્ત રાખવામાં આવે છે. સૂર્યમુખી અને સોયાબીન તેલ પર ૪૫ ટકા સુધીની આયાત ડ્યુટી લાદવા માટે પહેલ કરવી પડશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે સરકારે એ હકીકતની પણ નોંધ લેવી પડશે કે ડ્યુટી ફ્રી સિસ્ટમ લાગુ કરવાનો હેતુ ગ્રાહકોને છ રૂપિયા સસ્તું સોફ્ટ ઓઈલ આપવાનો હતો, પરંતુ તેનાથી વિપરીત, આ ડ્યૂટી ફ્રી લાભ લેનારાઓ તેને બમણા ભાવે વેચીને તગડો નફો કમાઈ રહ્યા છે. આવી ડ્યૂટી ફ્રી આયાતનો લાભ લઈને લગભગ બમણા ભાવે સમાન તેલ વેચનારાઓ પર સરકારે દંડ વસૂલવો જોઈએ. પોર્ટ પર સનફ્લાવર ઓઈલની કિંમત ૮૦-૮૧ રૂપિયા પ્રતિ લીટર છે અને એમઆરપીના કારણે રિટેલ માર્કેટમાં તે ૧૬૦-૧૭૦ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાઈ રહી છે.

### થર જામ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડામર કામથી યોગ્ય રીતે પુરાણ કરવાના બદલે માટીના થર પાથરી દેવામાં આવે છે. જેના લીધે હાલ વરાસદી દિવસોમાં સેકટરોના આંતરિક માર્ગો પર વાહનચાલકો કે રાહદારી ગમે ત્યારે ગોથુ ખાઈ જાય તેવી સ્થિતિ સર્જાઇ છે. સેકટરોના આંતરિક માર્ગો પર ખોદાણના અંતે યોગ્ય પુરાણ ન થતા વરસાદમાં માટી પોલાણના લીધે જોખમી સ્થિતિ સર્જાય છે. જયારે લાઈનના ખોદકામ માટે પણ સ્થાનિક રહીશોની સલામતીનો પણ પુરતો ખ્યાલ રાખવામાં આવતો નથી. આડેધડ ખોદકામના લીધે પણ રહીશો તોબા પોકારી ગયા છે. સેકટરોના આંતરિક માર્ગો પર જોખમી સ્થિતિને ડામવા માટે તંત્ર દ્વારા ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવે તેવી રજુઆતો પણ સ્થાનિકો દ્વારા અવારનવાર તંત્રને કરવામાં આવી રહી છે.

### સભા યોજાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થાપના પણ નહોતી થઈ ત્યારે મંડળી દ્વારા સાબર ડેરીમાંથી દૂધ લાવીને પાટનગરવાસીઓને વિતરણ કરવાની સેવા આપવામાં આવતી હતી. આજે પણ મંડળીના વિતરકો નિયમિત રીતે દૂધ વિતરણની સેવા આપી રહ્યાં છે." આ પ્રસંગે મંડળીના મેનેજિંગ ડિરેક્ટર કેતનકુમાર પટેલે દુધ વિતરકોને તેમના અધિકારોનું રક્ષણ કરવાની બાંહેધરી આપતા કહ્યું હતું કે "જે આપણા હક્કનું છે તે આપણે લઈને જ રહીશું, આપણો હક્ક કોઈ છીનવી નહીં શકે." આ પ્રસંગે ઉપસ્થિત શહેર ભાજપ પ્રમુખ રુચિર પટ્ટે કહ્યું હતું કે "શહેર ભાજપની સમગ્ર ટીમ મંડળીના પડખે છે" ત્યારે બીજી તરફ સેક્ટર ૨૧ શાકભાજી માર્કેટના પ્રમુખ માનાજી મારવાડીએ જણાવ્યું હતું કે "અમે મંડળી સાથે છીએ અને જરૂર પડે ઉપવાસ કે આંદોલન કરવાનું થશે તો શાક માર્કેટની ૨૦૦ જેટલી મહિલા વિતરકો પણ દૂધ વિતરકો સાથે આંદોલનમાં જોડાશે." ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની સામાન્ય સભામાં શહેરના અનેક અગ્રણીઓ દૂધ મંદિરના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમજ વિતરકો અને સભાસદો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### પાણીની પોકાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં પાણીની બુમ ઉઠે છે. ગરમીની સિઝનમાં આમ પણ આડા દિવસોની સાપેક્ષમાં પ્રતિદિન પાંચ થી સાત એમ એલ ડી જેટલો વપરાશ વધી જાય છે જેને અનુલક્ષી તંત્ર દ્વારા શિયાળાની સાપેક્ષમાં સપ્લાય પણ વધારી દેવામાં આવે છે. આ સ્થિતિ વચ્ચે હાલ ગરમીના દિવસોમાં રૂટીનમાં અપાતા સપ્લાયમાં પણ કાપ મુકાતા પાણીની સમસ્યા ગંભીર બનતી જાય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ બન્ને વોટર વર્કસને પણ પુરતુ પાણી સપ્લાય ન થતા સેકટરોમાં પણ પુરતા સમય માટે અને પુરતા દબાણથી સપ્લાય આપવામાં આવતો નથી સેકટરવાસીઓમાં રોજબરોજ પાણીનો કકળાટ ઉઠે છે. આજે પણ શહેરના નવા સેકટરોમાં પણ પાણી પુરતા ફોર્સથી ન આવ્યુ હોવાનો રોષ સ્થાનિકોએ ઠાલવ્યો હતો. એકબાજુ ગરમીની સિઝન શરૂ થઇ ગઇ છે જો કે હજુ કમોસમી વરસાદના વાયરા વચ્ચે ઉનાળો આકરો બન્યો નથી આમછતા સેકટરોમાં પાણીની ખેંચ વર્તાય છે ત્યારે આગામી દિવસોમાં આકરી ગરમી પડશે ત્યારે પાણીના મામલે સેકટરોમાં બેડાયુધ્ધની સ્થિતિ સર્જાય તો નવાઈ નહીં તેમ પણ મનાઈ રહ્યુ છે.

### રાજભવન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનિવાર્યતા લાંબા સમયથી ઉભી થઈ હતી સ્ટાફના સભ્યોને રહેણાંક માટે યોગ્ય સુવિધા મળી રહે તે માટે આ મામલે અગાઉ પણ વિચારણા હાથ ધરવામાં આવી હતી જેના અંતે યોજના તૈયાર કરી આ અન્વયે કામ પણ સમયસર શરૂ કરી દેવાતા ટુંકમાં જ નવા મકાનો તૈયાર થઈ જશે. સુત્રોના જણાંવ્યા મુજબ ચાર માળના આ બિલ્ડીંગમાં એક અને બે રૂમના કુલ ૧૨૦ યુનિટ તૈયાર કરાશે જો કે હાલ આ યોજનાનુ કામ ઝડપથી ચાલી રહ્યુ છે. જેના અંતે રાજભવન સ્ટાફ કવાટર્સના કર્મચારીઓને સુવિધાયુકત રહેણાંક ટુંકમાં ઉપલબ્ધ થશે. આ ઉપરાંત રાજભવનમાં બેન્કવેટ હોલ પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે. રાજભવનને અનુલક્ષી આ પ્રકારના હોલનુ કામ હાથ ધરવાનુ પણ અનિવાર્ય હતુ. જેના લીધે કાર્યક્રમનુ આયોજન કરવાનુ પણ સરળ થશે અલબત્ત હોલ તૈયાર થયા બાદ મંડપ બાંધવા સહીતની મથામણ કરવાની અનિવાર્યતા ઉભી થશે નહી. આ ઉપરાંત ગેસ્ટ હાઉસ પણ તૈયાર કરવામાં આવી રહ્યુ છે. જેમાં પી એમ ઓ ના સ્ટાફ માટે પણ ૩૨ રૂમ બાંધવામાં આવશે. બે માળના આ ગેસ્ટ હાઉસના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૯ કરોડનો ખર્ચ કરાશે. આ ત્રણેય યોજનાનુ કામ ઝડપથી ચાલી રહ્યુ હોવાથી નિયત સમયમાં કામ પુર્ણ થઈ જશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. અલબત્ત આગામી ઓગષ્ટ મહીના સુધીમાં નવા ક્વાર્ટસ તેમજ ગેસ્ટ હાઉસ પણ બની જશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

### થડીયા યથાવત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલ પાણી ગટરની નવી લાઇન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે માર્ગ વાઇડનીંગ અને લાઈનના લીધે તુટેલી ફુટપાથને યોગ્ય કરવા માટે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી તંત્રને પત્ર પણ લખવામાં આવ્યો છે. શહેરમાં અંદાજિત ૯૩ કી મી વિસ્તારમાં ફુટપાથનુ નેટવર્ક પથરાયેલુ છે જયારે ફુટપાથ નિર્માણની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી હતી જેની પાછળ અત્યાર સુધી કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ વાઈબ્રન્ટ સમિટના આયોજનના અભાવે ફુટપાથની દશા પણ ખરાબ થઈ ગઈ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. દરવર્ષે વાઈબ્રન્ટના આયોજન વેળાએ ફુટપાથના કર્બિંગને કલર સહીત જાળવણીનુ કામ હાથ ધરવામાં આવે છે. એકબાજુ વોક વે પર વોકીંગ કરનારાઓ ગમે ત્યારે ગોથુ ખાઈ જાય તેવી સ્થિતિ છે. ત્યારે તોતિંગ વૃક્ષોની ડાળીઓથી ઘેરાયેલા વોક વે ના વિસ્તારમાં વૃક્ષોનુ ટ્રીમીંગ પણ કરવામાં આવતુ નથી જેના લીધે વોકીંગ કરનારાઓ માટે જોખમી ડાળીઓ અડચણ રૂપ બની છે. આ સ્થિતિ વચ્ચે અનેક ઠેકાણે વોક વે પર તુટેલા બાકડા પણ પડયા છે. જયારે ગમે ત્યારે ખીલા ખોપી અને બોર્ડસ તેમજ હોર્ડીંગ્સ પણ વોક વે પર થોપી દેવામાં આવે છે. સેકટરોમાં અનેક ઠેકાણે ફુટપાથ નીચે બેસી ગઈ છે. ત્યારે વોક વે હવે કંગાળ હાલતમાં જોવા મળે છે. આવા સંજોગોમા ફુટપાથ પર તુટેલા વૃક્ષોના થડીયા પણ લાંબા સમયથી યથાવત છે. આ મામલે અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા હજુ સુધી આ સમસ્યાનુ નિરાકરણ આવ્યુ નથી જેના લીધે મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વોક વે પર વોકીંગ કરનારાઓ માટે જોખમ ઉભુ થયુ છે. આ સ્થિતિ વચ્ચે અનેકવાર અકસ્માત પણ થયા છે. વૃક્ષોના નડતરરૂપ થડીયા દુર કરવા માટે વનતંત્રને પણ રજુઆત કરવામાં આવી છે. નગરની સ્થાનિક સંસ્થાઓ તેમજ સેકટરોના અગ્રણીઓએ પણ અનેકવાર આ મામલે રજુઆત કરી છે. આમછતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. હાલમાં પણ નગરના ચ-૩ થી ગ- ૩ તરફ જવાના માર્ગ પર આ પ્રકારના વૃક્ષના થડીયા અડચણરૂપ સ્થિતિમાં જોવા મળી રહ્યા છે. જેને દુર કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### કેસ સંદર્ભે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને કિંમતો પર નજર રાખવામાં આવી રહી છે. ૨૭મી ડિસેમ્બર ૨૦૨૨ના રોજ ૨૨,૦૦૦ હોસ્પિટલોમાં એક મોક ડ્રીલ પણ હાથ ધરવામાં આવી હતી અને ત્યારબાદ હોસ્પિટલો દ્વારા ઘણા ઉપાયાત્મક પગલાં લેવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રીને દેશમાં ઈન્ફ્લ્યુએન્ઝાની સ્થિતિ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા, ખાસ કરીને છેલ્લા કેટલાક મહિનામાં નોંધાયેલા H1N1 અને H3N2ના વધુ કેસોના સંદર્ભમાં. પ્રધાનમંત્રીએ અધિકારીઓને દ્વજીછઇઝ્ર જીનોમ સિક્વન્સિંગ લેબોરેટરીઝ સાથે પોઝિટિવ ટેસ્ટ સંપૂર્ણ જીનોમ સિક્વન્સિંગ વધારવાનો નિર્દેશ આપ્યો હતો.

### ભૂકંપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિયોલોજિકલ સર્વે મુજબ, ભૂકંપનું કેન્દ્ર બિંદુ અફઘાનિસ્તાનના જુર્મમાં ૧૮૦ કિમી જમીનની અંદર હતું. ભૂકંપના ઝટકા ભારત, અફઘાનિસ્તાન, કિર્ગિસ્તાન, ઉજ્બેકિસ્તાન, ચીન સહિતના કેટલાંક દેશોમાં અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીના જણાવ્યા અનુસાર, રિક્ટર સ્કેલ પર ૬.૬ની તીવ્રતાવાળો ભૂકંપ રાત્રે ૧૦.૦૭ વાગે આવ્યો હતો. પાકિસ્તાનની ઈમરજન્સી સેવાઓના એક પ્રવક્તા બિલાલ ફૈજીએ જણાવ્યું કે, ખૈબર પખ્તૂનખ્વા પ્રાતંમાં ૧૦૦થી વધુ લોકો ઘાયલ થતા તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાપ્ત રિપોર્ટ મુજબ, પાકિસ્તાનના સ્વાસ્થ્ય મંત્રી અબ્દુ કાદિર પટેલે પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સની સાથે સાથે ફેડરલ ગર્વમેન્ટ પોલીક્લિનિકમાં એક ઈમરજન્સી અલર્ટ જાહેર કર્યુ છે. ઘાયલો સુધી સરકારી મદદ પહોંચડવા માટે રાજ્ય સરકારની કેટલીક ટીમો કાર્યરત છે. રાત્રી હોવાના કારણે દૂર દૂરના સ્થળે રાહત ટીમોને પણ પહોંચવામાં મુશ્કેલી પડી હતી.

## ગુજરાત સહિત દેશની તમામ પોસ્ટ ઓફિસમાં કામગીરી ઠપ્પ

**પોસ્ટ ઓફિસના સેવિંગ એકાઉન્ટ્સની કામગીરી ઠપ : પોસ્ટ ઓફિસમાં છેલ્લા બે દિવસથી સર્વરમાં ટેકનીકલ ખામી સર્જાતા પોસ્ટ ઓફિસના અનેક વહેવારોને અસર થઈ હતી**

અમદાવાદ, તા.૨૨

બેંકોની જેમ હવે પોસ્ટ ઓફિસોમાં પણ ડિજિટલાઇઝેસન થઈ ગયું છે. અને પોસ્ટ ઓફિસરના વ્યવહારો પણ ધીમે ધીમે ઓનલાઈન ડિજિટલ થઈ રહ્યા છે. જો કે ક્યારેક આ ડિજિટલમાં ટેકનિકલ ખામી સર્જાતા ગ્રાહકોની સાથે પોસ્ટ ઓફિસના કર્મચારીઓએ પણ સમસ્યાનો સામનો કરવો પડે છે.

વાપી સહીત સમગ્ર વલસાડ જિલ્લાની પોસ્ટ ઓફિસમાં છેલ્લા બે દિવસથી સર્વરમાં ટેકનીકલ ખામી સર્જાતા પોસ્ટ ઓફિસના અનેક વહેવારોને અસર થઈ હતી. આથી કલાકો સુધી ગ્રાહકોએ પોસ્ટ ઓફિસમાં લાઈનોમાં ઊભા રહેવાની ફરજ પડી હતી. આમ સર્વરમાં ટેકનિકલ ખામીને કારણે પોસ્ટ ઓફિસના બેક્કિંગ, પેન્શન સહિતના વ્યવહારો ઠપ્પ થઈ ગયા હતા. આથી ગ્રાહકોની સાથે પોસ્ટ ઓફિસના કર્મચારીઓ પણ મુશ્કેલીમાં મુકાયા હતા.

બનાવની વિગત મુજબ છેલ્લા બે દિવસથી પોસ્ટ ઓફિસોમાં ફીનાકલ નામના સોફ્ટવેરમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. પરિણામે બે દિવસ સુધી પોસ્ટ ઓફિસમાં બેક્કિંગ વ્યવહારની સાથે પેન્શન ધારકો અને સેવિંગ્સ ખાતેદારોના ખાતામાં વ્યવહાર અટકી ગયા હતા. આથી લોકોને પોતાના જ ખાતામાંથી પૈસા ઉપાડવામાં સમસ્યા સર્જાતી હતી.

જોકે ધીમે ધીમે સોફ્ટવેરની ટેકનીકલ ખામીને દૂર કરવામાં આવતા બેંકના કર્મચારીઓની સાથે પોસ્ટ ઓફિસના કર્મચારીઓની સાથે ગ્રાહકોએ પણ રાહત અનુભવી હતી. જો કે આજના આધુનિક યુગમાં બેંકોની સાથે પોસ્ટ ઓફિસોમાં પણ ઓનલાઇન વ્યવહારની સાથે ડિજિટલાઇઝેશન થઈ રહ્યું છે. જોકે આ ડિજિટલ સુવિધામાં પૂરતી ક્ષમતાના આધુનિક સોફ્ટવેરનો ઉપયોગ નહીં થતાં અનેક વખત પોસ્ટ ઓફિસમાં આવી રીતે ટેકનિકલ ખામીને કારણે પોસ્ટ ઓફિસના વ્યવહારોને અસર થાય છે.

## નરસિંહ મહેતા યુનિવર્સિટીનો છબરડો : સેમેસ્ટર ૧ના વિદ્યાર્થીઓને સેમેસ્ટર ૨નું પેપર અપાયું

**પ્રશ્નપત્ર એક વર્ષ જૂનું હોવાનું સામે આવ્યા બાદ પણ કાર્યવાહી ન કરાઈ**

જૂનાગઢ,તા.૨૨

જૂનાગઢની નરસિંહ મહેતા યુનિવર્સિટી ફરી વિવાદમાં આવી છે. યુનિવર્સિટીનો વધુ એક છબરડો પ્રકાશમાં આવ્યો છે. હિન્દી મેથડના સેમેસ્ટર ૧ની પરીક્ષામાં વિદ્યાર્થીઓને સેમેસ્ટર ૨નું પેપર અપાયું છે. જે મુદ્દે પ્રદેશ કોંગ્રેસના અગ્રણી નેતા નિદત બારોટે CMOમા રજૂઆત કરી છે નરસિંહ મહેતા યુનિવર્સિટી છબરડાને લઈ કોંગ્રેસ નેતા નિદત બારોટે CMOમાં રજૂઆત કરી છે. રજૂઆતને લઈ કાર્યવાહીના આદેશ આપવામાં આવ્યા છે. પેપર સેન્ટર સામે માત્ર ૫ હજારનો દંડ ફટકારવાની જ કાર્યવાહી કરવામાં આવી છે. સેમેસ્ટર ૨નું પેપર આપતા વિદ્યાર્થીઓને ૯૦ માર્કસથી પાસ કર્યા છે. મોટી ભૂલ છતાં પેપર સેન્ટર સામે માત્ર દંડની કાર્યવાહી અન્યાયી બાબત છે તેવા આક્ષેપો કરાયા છે. સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વારંવાર વિવાદોમાં આવતી રહે છે. યુનિવર્સિટી દ્વારા BAના છેલ્લા સેમેસ્ટરની પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને એક વર્ષ જૂનું પ્રશ્નપત્ર અપાયું હતું. યુનિવર્સિટીએ તમામ કોલેજને ઓનલાઈન પ્રશ્નપત્ર મોકલ્યા હતા. પ્રશ્નપત્ર એક વર્ષ જૂનું હોવાનું સામે આવ્યા બાદ પણ કાર્યવાહી કરવામાં આવી ન હતી.